# Visit of Stephen E. Biegun, Deputy Secretary of State of the United States of America (October 12-14, 2020)

October 13, 2020

## યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનાં ડેપ્યુટી સેક્રેટરી ઑફ સ્ટેટ સ્ટીફન ઈ. બિએગુનની મુલાકાત (ઓક્ટોબર 12-14, 2020)

ઓક્ટોબર 13, 2020

યુ.એસ. ડેપ્યુટી સેક્રેટરી ઑફ સ્ટેટ સ્ટીફન બિએગુન 12-14 ઓક્ટોબર, 2020 નાં રોજ નવી દિલ્હીની મુલાકાત લઈ રહ્યા છે.

તેઓની મુલાકાત દરમિયાન, તેઓએ 13 ઓક્ટોબર 2020 નાં રોજ વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રૃંગલા સાથે વાતચીત યોજી હતી. તેઓએ રાજકીય, સુરક્ષા અને સંરક્ષણ, આર્થિક, વાણિજ્યિક, ટેકનોલોજી અને લોકો-થી-લોકો વચ્ચેનાં સંપર્કો સહિત ભારત-યુએસ વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી અંતર્ગત જોડાણોની સમગ્ર બાબતોની સમીક્ષા કરી હતી. તેઓએ પરસ્પર હિતનાં સંખ્યાબદ્ધ પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓએ સંયુક્ત રાષ્ટ્રમાં સહકાર વધારે મજબૂત કરવાનાં માર્ગોની ચર્ચા કરી હતી, ખાસ કરીને 2021-2022 સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં ભારતનાં સભ્યપદ દરમિયાન.

પોતાની મુલાકાત દરમિયાન, યુ.એસ. ડેપ્યુટી સેક્રેટરી ઑફ સ્ટેટે વિદેશ મંત્રી અને રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર સાથે પણ મુલાકાત કરી હતી અને ચાલું દ્વિપક્ષીય સહકાર પર ચર્ચા કરી હતી અને પ્રાંતમાં વિકસી રહેલી ઘટનાઓ પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

યુ.એસ. ડેપ્યુટી સેક્રેટરી ઑફ સ્ટેટ અને વિદેશ સચિવે વાર્ષિક ભારત-યુ.એસ. વર્ચ્યુઅલ ફોરમ, ટ્રેક 1.5 સંવાદનાં પ્રારંભિક સત્રમાં ભાગ લીધો હતો અને કોવિડ-19 મહામારીનો સામનો કરવા, દ્વિપક્ષીય સંબંધ વધારે મજબીત કરવા અને બહુપક્ષીય બાબતોમાં સહકાર માટે ચાલું ભારત-યુ.અસ. સહકાર અંગે વાત કરી હતી.

ડેપ્યુટી સેક્રેટરી બિએગુનની મુલાકાત ભારત-યુ.એસ. વ્યૂહાત્મક ભાગીદારી વધારે મજબૂત કરવાની પ્રતિબદ્ધતા સાથે વિવિધ દ્વિપક્ષીય બાબતો પર ચર્ચા કરવાની એક મહત્વની તક હતી.

બન્ને પક્ષો દ્વિપક્ષીય, પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ સહિત પરસ્પર હિતની બાબતો પર ઉચ્ચ-સ્તરીય જોડાણો ચાલું રાખવાની અપેક્ષા રાખે છે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 13, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.